
ગુજરાતના દિવ્ય સંતો : રંગ બાપજી - જલારામ બાપા



સમાજમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ દ્રઢ બને અને નિઃસ્વાર્થ સેવા કાર્યોને વેગ મળે તે થકી આસુરી વૃત્તિપ્રવૃત્તિઓ અંકુશમાં આવે તે હેતુથી સંતોનું અવતરણ ધરતી પર થાય છે. ગુજરાતની ધરતી પર થઈ ગયેલા આવા સંતોમાંના બે દિવ્ય સંત વિભૂતિઓની આ સપ્તાહમાં જયંતી છે. તેઓનો પ્રભાવ દેશ- દુનિયામાં વસતા હિન્દુઓમાં પથરાયેલો છે. બંને સંતો પોત-પોતાની વિશેષ અલગતા ધરાવતાં હોવા છતાં સમાજના વિશાળ વર્ગમાં તેઓ પૂજનીય - આદરણીય સ્થાન ધરાવે છે. એક 'બાપજી'ના તો બીજા 'બાપા'ના હુલામણા નામે જાણીતા છે. તે છે નારેશ્વરના નાથ શ્રી રંગ અવધૂત બાપજી અને સૌરાષ્ટ્રના વીરપુરનાવાસી શ્રી જલારામ બાપા. 1889માં કારતક સુદ નોમના દિવસે ગુજરાતના ગોધરામાં માતા રુક્ષ્મણી બાઈ અને પિતા વિઠ્ઠલપંત વળામેને ત્યાં અવતરેલા પાંડુરંગ એટલે કે રંગ અવધૂતજીનું જીવન- કવન વિશાળ અને જાણીતું છે. બાળપણથી જ પરિવારના ભક્તિ સંસ્કારને કારણે સ્નાતક અભ્યાસ બાદ યુવાનીમાં નર્મદાના તટે આવેલા નારેશ્વરને પોતાની તપોભૂમિ બનાવી. દત્તાવતાર તરીકે જાણીતા રંગ બાપજીએ ભક્તો, સાધકો, જિજ્ઞાસુઓને ઉત્તમ માર્ગદર્શન મળી રહે, આત્મજ્ઞાનની અનુભૂતિ થાય તે માટે ઈશ્વર પ્રેરણાથી રચાયેલું સાહિત્ય ખૂબ જ વિપુલ અને જાણીતું છે. ગુજરાતી, મરાઠી અને સંસ્કૃત ભાષામાં રચાયેલા આધ્યાત્મિક સાહિત્યમાં શ્રી ગુરુ લીલામૃત જે ત્રણ ભાગમાં જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસના કાંડમાં ૧૯૦૦૫ દોહરામાં સમાયેલું છે. ખૂબ જાણીતી દત્તબાવનીમાં ભગવાન દત્ત અને તેના અવતારોની લીલાઓ છે. દત્તબાવનીને 'સંકટ વિમોચન' માનવામાં આવે છે અને તેના ભાવપૂર્વક પાઠથી દત્તકૃપાની અનુભૂતિ થતી હોવાનો હજારો ભક્તોનો અનુભવ છે. અસંખ્ય શ્રદ્ધાળુઓના સંકટ દૂર થયા હોવાના અનુભવો છે. ભક્તો અને સાધકોને વખતોવખત લખેલા પત્રનો સંગ્રહ 'પત્ર મંજુષા' પણ ઉપયોગી માર્ગદર્શક ગ્રંથ છે. સ્તોત્રોના સંગ્રહ 'રંગ હૃદયમ્' માં ભક્તિથી રંગાયેલા રંગ અવધૂતજીના હૃદયના દર્શન ભક્તોને થાય છે. અભેદ અને અદ્વૈતના દર્શન થાય છે. આ સ્તોત્રોના શ્રદ્ધાપૂર્વક પાઠથી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરના રોગો- વિકારોનું શમન થતું હોવાની સાધકોની અનુભૂતિ છે. 'અવધૂતી આનંદ' એ જુદા- જુદા સમયે, સંજોગોમાં ઈશ્વરી આનંદની અનુભૂતિ દરમિયાન અવધૂતી મસ્તીમાં ઉદ્ભવેલા ભજન,ગરબી વગેરેનો સંગ્રહ છે તેમાં અદ્વૈત વેદાંતનું ગહન તત્ત્વજ્ઞાન છે. ભજનોમાં નિર્ગુણ, નિરાકાર બ્રહ્મની અનુભૂતિ, જીવ- શિવની એકતા, જગત મિથ્યા- ક્ષણભંગુર હોવાનું નિરૂપણ છે. 'એવો દિ દેખાડ વહાલા, એવો દિ દેખાડ' હું અને તુંનો ભેદ મટીને માત્ર એક જ પરમ તત્ત્વ હોવાનો ભાવ પ્રગટાવતું ભજન છે. જે જીવને તેના મૂળ સ્વરૂપનું ભાન કરાવે છે. રંગ અવધૂતજીની અનેક રચનાઓમાં જીવ અને બ્રહ્મની અભિન્નતા દેખાય છે. શ્રી રંગ અવધૂતજીએ આપેલું 'પરસ્પર દેવો ભવ' ખૂબ પ્રચલિત સૂત્ર છે. જે જીવ માત્રમાં પ્રભુના દર્શન કરવા, માન આપવું, કોઈ વ્યક્તિનું અપમાન કે તિરસ્કાર નહીં કરવો, સર્વત્ર બ્રહ્મનું દર્શન કરવાનો બોધ આપે છે. 'સર્વ ખલુ ઈદમ બ્રહ્મ' સઘળું બ્રહ્મ જ છે તે સૂચવે છે. વેદાંત દર્શન મુજબ દેખાતું જગત સ્વપ્ન જેવું છે. ક્ષણભંગુર- નાશવંત છે. જે ધ્યાનમાં રાખી બાપજી અવિનાશી આત્મતત્ત્વ તરફ વળવા પ્રેરણા આપે છે. સીધી-સાદી સરળ લોક ભાષામાં અવધૂતી આનંદના ભજનો શુષ્ક જ્ઞાનને બદલે ભાવભક્તિરસસભર બોધ આપે છે. ભક્ત પહેલા સગુણ દત્ત પ્રભુની ભક્તિ કરે છે અને અંતે નિર્ગુણ બ્રહ્મમાં લીન થઈ જાય છે. અવધૂતી આનંદના ભજનો સમાધિ ભાષામાં લખાયેલાં છે. સરળ લાગતાં શબ્દો પાછળ વેદ, ઉપનિષદ, ગીતાના ગૂઢ અર્થો છુપાયેલા છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સદગુરુ અનિવાર્ય છે. 'ગુરુ ગોવિંદ એક જ છે'. ગુરુના ચરણોમાં શરણાગતિ સ્વીકારવાથી જ 'તત્વમસિ' તે તું જે છે- તેનો અનુભવ થાય. બહાર ભટકવાને બદલે પોતાની અંદર રહેલા નિર્વાણ પદ બ્રહ્મને ઓળખવાનો વેદાંતિક સંદેશ 'કહા જાતા નિર્બાના સાધો'ભજન છે. અવધૂતી આનંદની કેટલીક રચનાઓ તો ખૂબ જ અદભુત છે જેમ કે ગુજરાતી, અંગ્રેજી,ઉર્દૂ બારાખડી પરથી, તિથિ, ગુજરાતીમાં વાર, અંગ્રેજીમાં વાર, ગુજરાતી મહિના, અંગ્રેજી મહિના, બાર રાશિ, છ ઋતુ, ૨૭ નક્ષત્રોને સાંકળતી રચના ખૂબ જ માહિતીપ્રદ છે.

> વેદાંત દર્શન મુજબ દેખાતું જગત સ્વપ્ન જેવું છે, ક્ષણભંગુર- નાશવંત છે, જે ધ્યાનમાં રાખી બાપજી અવિનાશી આત્મતત્ત્વ તરફ વળવા પ્રેરણા આપે છે

ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ

સૌરાષ્ટ્રના વીરપુરમાં સંવત 1856માં કારતક સુદ સાતમના દિવસે અવતરેલા શ્રી જલારામ બાપા બાળપણથી જ ધાર્મિક હતા.૧૮ વર્ષની ઉંમરે સંત ભોજલરામને ગુરુ બનાવી ગુરુ મંત્ર અને માળા મેળવ્યા. ગુરુના આશીર્વાદથી સદાવ્રત અન્નદાન ચાલુ કર્યું. હરજી દરજીના પિતાનું પેટદર્દ દૂર કર્યું. જમાલ નામના મુસ્લિમ વેપારીના પુત્રની અસાધ્ય બીમારી દૂર કરતાં જમાલે તેમને 'જલા સો અલ્લા' કહી બિરદાવ્યા. અંદાજે 20 વર્ષની ઉંમરે ચારધામ યાત્રા કરી તેમની પત્ની વીરબાઈ માનો જલારામ બાપાને સદાવ્રત ચાલુ રાખવામાં ખૂબ સહકાર હતો. દરેક જીવમાં ઈશ્વરનો વાસ છે તેથી ભૂખ્યાને ભોજન, દુઃખીઓને મદદ કરવી એ સાચો ધર્મ છે. દાન- પરોપકાર, જીવમાત્ર પ્રત્યે દયા, ઈશ્વરની ભક્તિમાં દીનતા શરણાગત ભાવ રાખવો. જલારામ બાપાના વીરપુરના મંદિરની વિશેષતા એ છે કે વર્ષ 2000ની સાલથી કોઈ પણ દાન, ભેટ સ્વીકારવામાં આવતા નથી છતાં જલારામબાપા પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસથી ત્યાં અન્નક્ષેત્ર સદા ચાલતું રહે છે. ગુજરાતમાં, દેશમાં ઉપરાંત આફ્રિકા, યુકે, અમેરિકા ન્યૂઝીલેન્ડમાં પણ જલારામ બાપાનાં મંદિર છે ત્યાં સેવાપ્રવૃત્તિ ચાલતી રહે છે. જલારામ બાપાની સદાવ્રતની પ્રવૃત્તિથી અન્ય મંદિરો પણ પ્રેરણા લઈ સોમવાર, ગુરુવાર, રવિવાર શનિવારના દિવસોએ ભંડારો, અન્નક્ષેત્ર ચલાવે છે. 'ઇદં ન મમ'.

શબ પરીક્ષણનો પહેલો દસ્તાવેજ

આ ગતાંકથી ચાલુ

ધુનિક આનુવંશિક વિજ્ઞાનનો એક સિદ્ધાંત છે કે અત્યંત સંકર(હાઈબ્રીડ) જિનોમ કયારેય સ્થિર હોતું નથી. તેમાં રંગસૂત્રીય અસ્થિરતા આવવાની શક્યતા રહેલી હોય છે. પ્રકૃતિએ દરેક સજીવનાં રંગસૂત્રોના બંને છેડે એક રક્ષણાત્મક આવરણ મૂક્યું છે. રાવણ જયાં સુધી તપ,સંયમ અને હઠયોગથી સ્થિર રહ્યો ત્યાં સુધી તેનું આંતર સત્ત્વ સચવાયેલું હતું. જે ક્ષણે તેણે મદ્યપાન, અહંકાર અને પરપુરુષની પત્નીનું અપહરણ કરવાની લાલસાથી પ્રેરાઈને પોતાની ઈન્દ્રિયોની ઊર્જાનો વ્યય કર્યો તે જ ક્ષણે તેના સંકર રંગસૂત્રો ત્વરાથી ક્ષીણ થતાં ગયાં.

રાવણનું મૃત્યુ મનુષ્યના હાથે કેમ થયું? જયારે રાવણે બ્રહ્મા પાસેથી વરદાન માંગ્યું ત્યારે તેણે જણાવ્યું હતું કે દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ કે નાગમાંથી કોઈ મને મારી ન શકે. અહંકારથી પ્રેરાઈને તેણે મનુષ્યો અને વાનરોને તુચ્છ ગણી તેમની અવગણના કરી. આ બાબતને રોગપ્રતિકારક વિજ્ઞાન અને રોગકારક જીવાણુઓ તથા યજમાન સજીવ વચ્ચેની આંતર ક્રિયાના દૃષ્ટિકોણથી જુઓ. જૈવિક સંરક્ષણ પ્રણાલી જે મૂળભૂત રીતે દેવો અને દાનવો દ્વારા ઉપયોગમાં લેવાતાં સૂક્ષ્મ ઘાતક શસ્ત્રો સામે રોગપ્રતિકારક રહેવા માટે તૈયાર કરવામાં આવી હતી તેમાં એક એવો 'એન્ટિજેનિક કોડ' હતો, જે કયારેય મનુષ્યો માટે અનુકૂળ કરવામાં આવ્યો જ ન હતો.

વાલ્મીકિએ મંદોદરીના મુખે આ શબ્દો મુકાવ્યા છે. 'રામસ્તુ માનુષો હતઃ ' રામ તો માત્ર એક મનુષ્ય છે. જયારે રાવણનું જૈવિક તંત્ર સાદી, મૂળભૂત અને સ્વાભાવિક માનવીય ઊર્જાના સંપર્કમાં આવ્યું ત્યારે તે નિષ્ફળ ગયું. મંદોદરી રાવણના સત્ત્વના પતનને પોતાની ભીતર અનુભવી રહી હતી. વાલ્મીકિ રામાયણ (6.111.45.). મંદોદરીની ચેતના એ પહેલેથી પારખી લીધું હતું કે રાવણની આંતરિક ઊર્જા સ્વયં નાશ પામી છે. જયારે તે રાવણના કપાળ પર ચુંબન કરીને પાછી ફરે છે ત્યારે તે કોઈ બાહ્ય શત્રુને શાપ નથી આપતી પણ તે પ્રકૃતિના શાશ્વત નિયમને નમન કરે છે, જેને આધુનિક વિજ્ઞાન 'પ્રકૃતિના સંતુલન' તરીકે ઓળખાવે છે.



> રાવણે કઠોર તપસ્યા દ્વારા જે પુણ્ય, સામર્થ્ય પ્રાપ્ત કર્યું હતું તે અનૈતિક નિર્ણયને કારણે નષ્ટ થઈ ગયું, અહંકારનું યુદ્ધ એક એવો આંતરિક સંઘર્ષ હતો જેણે રાવણના લોખંડી અસ્તિત્વને અંદરથી પોકળ કરી નાખ્યું

રાવણે બધું જ મેળવી લીધું હતું પણ તે બ્રહ્માંડના શાશ્વત નિયમને ભૂલી ગયો. પ્રકૃતિ કોઈ જીવને પોતાની વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરવાની આજ્ઞા નથી આવતી. રાવણનું મૃત્યુ એ કેવળ આત્મવિનાશ હતો. રામના અગન્યાસ્ત્રે નાભિના મધ્ય ભાગને વીંધી નાખ્યો હતો. અમૃતનો ભંડાર સુકાઈ ગયો હતો. વાનર સેનાના વિજયઘોષથી આકાશ ગૂંજી ઊઠયું હતું. મંદોદરીએ રાવણના નિર્જીવ દેહને જોયો ત્યારે તેના મુખમાંથી જે શબ્દો સરા પડયા તે સામાન્ય વિલાપ કરતાં વિશેષ હતા. વાલ્મીકિ રામાયણના યુદ્ધકાંડના (સર્ગ 111: 6.89-90) માં આલેખાયેલા શ્લોકનો અર્થ છે: હે પ્રભુ! ઈન્દ્રિયો પર વિજય મેળવીને તમે ત્રણે લોક જીતી હતા પણ તમારી વાસના તમારી વિનાશનું કારણ બની.

માધવ મલ્હાર

તપન ત્રિવેદી

મંદોદરી દ્વારા વ્યકત કરાયેલ આ ખ્યાલને વિશ્વ હવે સમજવા લાગ્યું છે. આપણું વર્તન, આપણો અહંકાર અને આપણી માનસિક વિકૃતિઓ આપણા ભીતરમાં કાયમી ધોરણે તેનું સામ્રાજય ફેલાવી શકે છે. રાવણ શુદ્ધ વર્ણસંકર આનુવંશિક રચનાના શિખરનું પ્રતિનિધત્વ કરતો હતો. તેના પિતા ઋષિ વિશ્વા પાસેથી તેને સર્વોચ્ચ બૌધ્ધિક ક્ષમતા, ચેતા-ક્ષમતા અને વેદોમાં નિપુણતા વારસામાં મળી હતી. તેની માતા કૈકેસી પાસેથી તેણે આસુરી મેળવી હતી. પરપુરુષની પત્નીનું અપહરણ તે અધર્મ અને અતિશય ઘમંડને કારણે તેને મળેલું અમરત્વનું વરદાન ભ્રષ્ટ થઈ ગયું. તબીબી વિજ્ઞાનમાં આ સ્થિતિને શારીરિક સંતુલનનું પતન કહેવામાં આવે છે. જ્યારે મગજમાં અહંકાર અને કામવાસના ચરમસીમાએ પહોંચે છે ત્યારે માનવીય ચેતનામાં ઝેરી તત્ત્વો ઉત્પન્ન થાય છે. જે ક્ષણે રાવણે માનસિક સંતુલન ગુમાવ્યું તે ક્ષણે નાભિમાં (મણિપુર ચક્રમાં) રહેલી જૈવિક ભઠ્ઠી બેકાબૂ બની ગઈ અને પોતાના જ કોષોને બાળવા લાગી. શસ્ત્રનો પ્રહાર તો માત્ર એક નિમિત્ત હતો. તેનું આંતરિક સુરક્ષા કવચ પોલું થઈ ગયું હતું. જેમ દૂધમાં લીંબુના રસનું ટીપું નાખીએ તો દૂધ ફાટી જાય છે તે રીતે રાવણે કઠોર તપસ્યા દ્વારા જે પુણ્ય-સામર્થ્ય પ્રાપ્ત કર્યું હતું તે અનૈતિક નિર્ણયને કારણે નષ્ટ થઈ ગયું. અહંકારનું યુદ્ધ એક એવો આંતરિક સંઘર્ષ હતો જેણે રાવણના લોખંડી અસ્તિત્વને અંદરથી પોકળ કરી નાખ્યું.

આ હકીકત આપણને પરમ સત્યના ઉંબરે લઈ આવે છે જ્યાં વિજ્ઞાન અને અધ્યાત્મનો સંગમ થાય છે. રાવણની તમામ શકિતને નિયંત્રણમાં રાખવા ધર્મ અને મર્યાદાનો અભાવ હતો. પ્રકૃતિનો એ અટલ નિયમ છે કે જયારે કોઈ પણ

ટેકનિક કે સંસ્કૃતિ પ્રકૃતિના શાશ્વત સંતુલનને પડકારે છે અને બેફામ અહંકાર તરફ આગળ વધે છે ત્યારે તેની જીવનશક્તિનું મૂળ-તેનું નાભિકુંડ પ્રકૃતિના જ કોઈ સાધન દ્વારા સુકાઈ જાય છે.

શ્રીરામનું જીવન શીખવે છે કે સત્તાનું સર્વોચ્ચ શિખર આત્મસંયમમાં રહેલું છે અને રાવણનો અંત એ ચેતવણી આપે છે કે જો ચારિત્યનો અભાવ હોય તો અપાર ક્ષમતા પણ વિનાશનું કારણ બને છે.

(સોશ્યલ મીડિયાના આધારે સાભાર)

(સમાપ્ત)